## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧) ૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૨
તા. ૦૩–૦૬–૨૦૨૩

પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૩/૫

**અરજદાર :–**
શ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટ

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૨૬–૪–૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.૨૨૭ બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૨૨–૫–૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધુંઃ**

૧. અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૬–૪–૨૦૨૩ ના રોજની અરજી આઈ.ડી.નં.૨૨૭ (નમુનો–ક)
૨. અરજદારશ્રીની તા.૧૪–૩–૨૦૨૨ ના રોજની મા.મેયરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ રજુઆત અરજી.
૩. અરજદારશ્રીની તા.૧૪–૩–૨૦૨૨ ના રોજની અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિને ઉદ્દેશીને કરવામાં આવેલ રજુઆત અરજી.
૪. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) નો તા.૨૭–૪–૨૦૨૩ ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૨૭ (નમૂનો–ઘ)
૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૨૯–૪–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૩૫
૬. ડે.સેક્રેટરી અને પી.એ.ટુ મેયરશ્રીનો તા.૨–૫–૨૩ નો પત્ર નં.એમ.૫
૭. ડે.સેક્રેટરી અને પી.એ.ટુ સ્થાયી સમિતિનો તા.૫–૫–૨૩ નો પત્ર નં.અધ્યક્ષ/સ્થા.સ./આર.ટી.આઈ./૧
૮. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૯–૫–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૩૬ (નમુનો–ગ)
૯. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૨૯–૫–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૦
૧૦.જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૩૦–૫–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૪૪

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટ, દ્વારા તા.૧૪–૩–૨૦૨૨ ના રોજ (૧) મા.મેયરશ્રી, સુરત મહાનગરપાલિકા અને (૨) અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તેમાં જણાવેલ વિષય અન્વયે બે અલગ અલગ સાદી સ્વતંત્ર અરજી દ્વારા રજુઆત કરેલ હતી.

અરજદારશ્રીએતા.૧૪–૩–૨૦૨૨ ના રોજની બે અલગ અલગ અરજીના અનુસંધાને કરેલ કાર્યવાહી, આપેલ નોંધ,જવાબ, રીપોર્ટ વિગેરે સહિતની પત્રવ્યવહારની માહિતી પુરી પાડવા બાબતે તા.૨૬–૪–૨૦૨૩ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ જાહેર માહિતી અધિકારીશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી. જે આઈ.ડી.નં.૨૨૭ થી નોંધાયેલ હતી.

સદર અરજી જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) ને મળ્યેથી તેઓએ તા.૨૭–૪–૨૦૨૩ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૨૭ (નમૂનો--ઘ) થી એકીસાથે કુલ–૨ જાહેર માહિતી અધિકારી (૧) આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી (સેક્રેટરી વિભાગ) અને (૨) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી) પ્રતિ સંપુર્ણ તબદીલ કરેલ હતી. જે પૈકી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને તા.૨૯–૪–૨૦૨૩ ના રોજ સદર અરજી મળેલ છે.

અરજદારશ્રીની માહિતી માંગતી તા.૨૬–૪–૨૦૨૩ ના રોજની અરજીના અનુસંધાને અત્રેના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી પુરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૯–૪–૨૩ ના રોજ મા.મેયરશ્રીની કચેરી તેમજ અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને ડે.સેક્રેટરી અને પી.એ.ટુ મેયરશ્રી ધ્વારા તા.૨–૫–૨૩ ના પત્ર નં.એમ.૫ થી તેમજ ડે.સેક્રેટરી અને પી.એ. ટુ સ્થાયી સમિતિ ધ્વારા તા.૫–૫–૨૩ ના પત્ર નં.અધ્યક્ષ/સ્થા.સ./આર.ટી.આઈ./૧ થી જરૂરી વિગતો આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી ધ્વારા સદર પત્રોના અનુસંધાનમાં નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૯–૫–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૩૬ (નમુનો–ગ) થી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રી ધ્વારા તા.૨૨–૫–૨૩ ના રોજ અપીલ અધિકારી અને ડેપ્યુટી સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશી/સંબોધીને, તેઓ ધ્વારા નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૨૩/૩૬ થી પુરી પાડવામાં આવેલ માહિતી (નમુનો–ગ) ના અનુસંધાને " કચેરી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની કોઈ જ માહિતી પુરી પાડેલ નથી વિગેરે " અપીલ માટેના કારણો જણાવી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) ના તા.૨૩–૫–૨૦૨૩ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૧૭૫ ધ્વારા સંપૂર્ણ તબદીલ થઈ તા.૨૫–૫–૨૦૨૩ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે મળેલ છે.

જે અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૯–૫–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૦ થી તા.૨–૬–૨૦૨૩ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે અરજદારશ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટ અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી (આઈ.ડી.૨૨૭) ના અનુસંધાને રૂબરૂ હાજર રહેવા અને જા.મા.અ અને આસી.સેક્રેટરીશ્રીને કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા જણાવેલ.

જે અન્વયે સામેવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસએ તા.૩૦–૫–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૪૪ થી જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૨–૬–૨૦૨૩ ના રોજની સુનાવણીમાં અરજદારશ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટ રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી.

સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સતિશ એલ. પટેલ નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો એપેલેટ ઓથોરીટી સમક્ષ તમામ પુરાવાઓ સહિત રજુ કરેલા જે અપીલ અધિકારીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા તેમજ અરજદારશ્રીને તા.૯–૫–૨૦૨૩ ના રોજ નમુનો–ગ થી નિયત સમયમર્યાદામાં સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ અને સેક્રેટરી ઓફિસ ધ્વારા કોઈપણ માહિતી આપવાની બાકી રહેતી નથી એવું જણાવેલ. જે ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**"અરજદાર શ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટની તા.૨૬–૪–૨૦૨૩ ની મુળ અરજી આઈ.ડી.નં.૨૨૭ (નમુનો–ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૯–૫–૨૦૨૩ ના રોજના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(નિતીનચંદ્ર પી.સોનજે)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી જસવંતસિંહ એ બ્રહમભટ્ટ પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧) ૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.


RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/ ૧૩
તા.૨૪–૦૭–૨૦૨૩

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૩/૬**

**અરજદાર :–**

**શ્રી રમેશ કે. જાંગીડ**

**વિરુધ્ધ**

**સામેવાળા :–** (૧) જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.
(૨) મદદનીશ જા.મા.અ અને ઈ.ચા.સ્ટેનો ગ્રેડ–I, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧–૬–૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.૫૨૨ બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ** અરજદારશ્રીની તા.૨૭–૬–૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧–૬–૨૦૨૩ અરજી આઈ.ડી.નં.૫૨૨ (નમુનો–ક)
૨. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) નો તા.૨–૬–૨૦૨૩ ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૫૨૨ (નમૂનો–ઘ)
૩. આસી.સેક્રેટરીશ્રી, સ્થાયી સમિતિનો તા.૧૫–૬–૨૩ નો પત્ર નં.સ્થા.સ./૭૫
૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૧૫–૬–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૫૧ (નમુનો–ગ)
૫. અરજદારશ્રી ધ્વારા તા.૨૭–૬–૨૦૨૩ ના રોજ અપીલ અધિકારીશ્રી અને ડે.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૨૧–૭–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૨
૭. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૨૧–૭–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૬૪

**ફરીયાદની હકીકત :–**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી રમેશ કે. જાંગીડ ધ્વારા તા.૨૭–૬–૨૦૨૩ ના રોજ અપીલ અધિકારીશ્રી અને ડે.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અપીલ જાહેર માહિતી અધિકારી અને આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ધ્વારા અત્રેની કચેરીને નમૂનો–ઘ ધ્વારા તા.૨૮–૬–૨૦૨૩ ના રોજ તબદીલ કરવામાં આવેલ. સેક્રેટરી ઓફિસ ખાતે સદર અપીલ તા.૩૦–૬–૨૦૨૩ ના રોજ મળેલ છે.

આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧–૬–૨૦૨૩ ના રોજની અરજીના મુદ્દા નં.૧ થી ૩ ધ્વારા માંગવામાં આવેલ માહિતીના અનુસંધાને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી પુરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૮–૬–૨૩ ના રોજ આસી.સેક્રેટરીશ્રી, સ્થાયી સમિતિને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને આસી.સેક્રેટરીશ્રી, સ્થાયી સમિતિ ધ્વારા તા.૧૫–૬–૨૩ ના રોજના પત્ર નં.સ્થા.સ./૭૫ થી જરૂરી વિગતો આપવામાં આવેલ.

અરજદારશ્રીની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૧ થી ૩ પૈકી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સ્ટેનો ગ્રેડ–૧ ધ્વારા આસી.સેક્રેટરી, સ્થાયી સમિતિના ઉકત પત્રના અનુસંધાનમાં સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.૧ અને ૨ – આંશિક બાબતે નિયત સમયમર્યાદામાં રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી ના અનુસંધાને તા.૧૫–૬–૨૦૨૩ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૫૧, નમુનો–ગ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી ધ્વારા આપવામાં આવેલ જવાબ (નમુનો–ગ) ના અનુસંધાને અરજદારશ્રી એ તા.૨૭–૬–૨૩ ના રોજ " નમૂના–ગ માં આપેલ જવાબ ગેરમાર્ગે દોરનારો છે, વિ." અપીલ માટેના કારણો જણાવી અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરેલ છે. જે જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) ના તા.૨૮–૬–૨૦૨૩ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૨૭ (નમૂનો–ઘ) ધ્વારા તબદીલ થઈ તા.૩૦–૬–૨૦૨૩ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે મળેલ છે.

જે અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૧–૭–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૨ થી તા.૨૪–૭–૨૦૨૩ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી રમેશ કે. જાંગીડ અને સામાવાળા (૧) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, અને (૨) મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સ્ટેનો ગ્રેડ–I સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજીના અનુસંધાને રૂબરૂ હાજર રહેવા અને જા.મા.અ અને આસી.સેક્રેટરીશ્રીને કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા જણાવેલ.

જે અન્વયે સામેવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસએ તા.૨૧–૭–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૬૪ થી જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૨૪–૭–૨૦૨૩ ના રોજની સુનાવણીમાં અરજદારશ્રી રમેશ કે જાંગીડ રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી.

સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સતિશ એલ. પટેલ તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી રીગન પટેલ નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ વિગતોના પુરાવાઓ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરેલા જે અપીલ અધિકારીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા.

મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સ્ટેનો ગ્રેડ–I, સેક્રેટરી ઓફિસએ અરજદારશ્રીને નમુનો–ગ હેઠળ જણાવ્યું કે, સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ એજન્ડા–ઠરાવના રેકર્ડની નિભાવણી જે તે વર્ષ પ્રમાણે–ઠરાવ ક્રમાંક પ્રમાણે કરવામાં આવે છે. સદર રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા/વિભાગ વિગેરે પ્રમાણે કરવામાં આવતી નથી. વધુમાં અરજદારશ્રીને માહિતી મળી શકે તે માટે સ્થાયી સમિતિના ઉપલબ્ધ રેકર્ડનું પ્રાથમિક દ્રષ્ટિએ નિરીક્ષણ કરતા અરજીથી માંગેલ માહિતી સ્થાયી સમિતિના ઉપલબ્ધ રેકર્ડ સાથે સુસંગત જણાય આવેલ નથી. તેમજ સ્થાયી સમિતિના ઠરાવો તેમજ એજન્ડા, વિગેરેની માહિતી પ્રોએકટીવ ડીસ્કોઝર હેઠળ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે. જે ધ્યાને લઈ અરજદારશ્રી પોતાને જોઈતી માહિતી શોધીને વિનામુલ્યે ગમે ત્યારે મેળવી શકે છે. તદઉપરાંત અરજીથી માંગેલ અત્રેની કચેરીને લાગત મુદ્દા નં.(૧) અને (૨) ની માહિતી બાબતે સ્થાયી સમિતિની સભાની ચોકકસ તારીખ તેમજ ઠરાવ નંબર રજુ કર્યેથી તે ઠરાવની માહિતી પુરી પાડવામાં આવશે. આમ, અરજદારશ્રીને તા.૧૫–૬–૨૦૨૩ ના રોજ નમુનો–ગ થી નિયત સમયમર્યાદામાં સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ અને સેક્રેટરી ઓફિસ ધ્વારા કોઈપણ માહિતી આપવાની બાકી રહેતી નથી એવું જણાવેલ. જે ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**"અરજદાર શ્રી રમેશ કે. જાંગીડની તા.૧–૬–૨૦૨૩ ની મુળ અરજી આઈ.ડી.નં.૫૨૨ (નમુનો–ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતીના મુદ્દા નં.૧ અને ૨ – આંશિક બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૧૫–૬–૨૦૨૩ ના રોજના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(નિતીનચંદ્ર પી.સોનજે)
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી રમેશ કે.જાંગીડ પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત-૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧) ૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.


RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૮
તા.૮-૧૧-૨૦૨૩

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૩/૭**

**અરજદાર :-**

**શ્રી મુકેશભાઈ બી. પટેલ**

**વિરુધ્ધ**

**સામેવાળા :-** જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧૧-૫-૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.૩૪૦ અન્વયે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૧૨-૧૦-૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૧-૫-૨૦૨૩ અરજી આઈ.ડી.નં.૩૪૦ (નમુનો-ક)

૨. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)નો તા.૧૩-૧૦-૨૦૨૩ નો પત્ર.નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૪૨૯

૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૫-૬-૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૪૫ (નમુનો-ગ)

૪. અરજદારશ્રી ધ્વારા તા.૧૨-૧૦-૨૦૨૩ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૫. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)નો તા.૧૩-૧૦-૨૦૨૩ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૪૨૯

૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૨૬-૧૦-૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૪.

૭. અરજદારશ્રીની તા.૩૦-૧૦-૨૦૨૩ ના રોજ સુનવણી સમયે કરવામાં આવેલ લેખિત રજુઆત.

**ફરીયાદની હકીકત :-**

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલ ધ્વારા તા.૧૨-૧૦-૨૦૨૩ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ જે જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)ના તા.૧૩-૧૦-૨૦૨૩ રોજના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૪૨૯ ધ્વારા અત્રેની કચેરીને મોકલવામાં આવેલ, જે તા.૧૭-૧૦-૨૦૨૩ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે મળેલ છે.

આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧૧-૫-૨૦૨૩ ના રોજની અરજીના મુદ્દા નં.૧ થી ૬ ધ્વારા માંગવામાં આવેલ માહિતીના અનુસંધાને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી પુરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ નિયત સમયમર્યાદામાં તા.૫-૬-૨૦૨૩ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૪૫ થી અરજદારશ્રીને "નમુનો-ગ" પાઠવવામાં આવેલ છે.

૨....

જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી ધ્વારા આપવામાં આવેલ જવાબ (નમુનો–ગ) ના અનુસંધાને અરજદારશ્રીએ "અપુરતી અને અધુરી તેમજ માહિતી ન આપીને અમો અરજદારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી ગેરવર્તણુંક વ્યવહાર કરેલ છે" જેનાથી નારાજ થઈ કલમ–૧૯(૧) અન્વયે મ્યુ.કમિશ્નરશ્રી, અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૧૨–૧૦–૨૦૨૩ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. સદર પ્રથમ અપીલ અરજી જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)ના તા.૧૩–૧૦–૨૦૨૩ ના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૪૨૯ થી અત્રેની કચેરીએ મોકલેલ હતી. જે સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૭–૧૦–૨૦૨૩ ના રોજ મળેલ છે.

જે અન્વયે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૬–૧૦–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૪ થી તા.૩૦–૧૦–૨૦૨૩ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલ અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજીના અનુસંધાને રૂબરૂ હાજર રહેવા અને જા.મા.અ અને આસી.સેક્રેટરીશ્રીને અરજી બાબતેની કાર્યવાહીની વિગતો સહિત પક્ષ રજુ કરવા જણાવેલ. તા.૩૦–૧૦–૨૦૨૩ ના રોજની સુનાવણીમાં અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલ રૂબરૂ હાજર રહી અપીલ અધિકારી સમક્ષ પોતાનો પક્ષ રજુ કરેલ હતો. સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સતિશ એલ. પટેલ તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી રીગન પટેલે નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પક્ષ રજુ કરેલ અને નમુનો–ગ માં જણાવેલ વિગતેના સેક્રેટરી ઓફિસના પ્રોએકટીવ ડીસ્કલોઝર, ઓફિસના ડોકયુમેન્ટ, કાર્યપધ્ધતિ વિગેરે બાબતે માર્ગદર્શન આપી જણાવ્યું કે, સેક્રેટરી વિભાગ ખાતે જુદી–જુદી સમિતિઓમાં તેના કાર્યક્ષેત્ર હેઠળના કામો બાબતે એજન્ડા–ઠરાવો કરવામાં આવતા હોય છે જે કામનો ઠરાવ થયેથી તેની મુળ ફાઈલ ઠરાવ મ્યુ.કમિશ્નરશ્રીની કચેરીએ/લાગત વિભાગને મોકલવામાં/ડીસ્પેચ કરવામાં આવે છે. ઠરાવના રેકર્ડની નિભાવણી જે તે વર્ષ પ્રમાણે –ઠરાવ ક્રમાંક પ્રમાણે તેમજ એજન્ડા રેકર્ડ મીટીંગની તારીખ/માસ મુજબ ક્રમાનુસાર નિભાવણી કરવામાં આવે છે. સદર રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા પ્રમાણે અલગ–અલગથી કરવામાં આવતા નથી. સેક્રેટરી ઓફિસ ધ્વારા વિવિધ સમિતિના એજન્ડા/ઠરાવ વિગેરેની માહિતી પ્રો–એકટીવ ડીસ્કલોઝર હેઠળ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે. જે હેઠળ અરજદારશ્રી પોતાને જોઈતી માહિતી વિનામુલ્યે ગમે ત્યારે મેળવી શકે છે. તેમજ માંગવામાં આવેલ માહિતી બાબતે ભવિષ્યમાં સ્થાયી સમિતિની સભાની ચોકકસ તારીખ તેમજ ઠરાવ નંબર રજુ કર્યેથી તે ઠરાવની માહિતી પુરી પાડવામાં આવશે એવું જણાવેલ. જે ધ્યાને લઈ અરજદારશ્રીએ સુનવણી વખતે લેખિત નિવેદન આપી જણાવેલ કે, સુનાવણીમાં અમોને સંતોષકારક જવાબ મળેલ છે અને અમોને પાછળથી પણ કોઈ માહિતીની જરૂર પડશે આ અરજીના અનુસંધાનમાં તો આપવા માટે જણાવેલ છે જેનાથી અમો ખુશ છે. જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ સંમતિ દર્શાવી અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી, અરજદારશ્રીનું સુનવણી સમયેનું નિવેદન, આ કેસના ઉપલબ્ધ કાગળો, રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદાર શ્રી મુકેશભાઈ બી. પટેલની તા.૧૧–૫–૨૦૨૩ ની મુળ અરજી આઈ.ડી.નં.૩૪૦ (નમુનો–ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી(આંશિક) બાબતે નમુનો–ગ માં જણાવેલ વિગતો તેમજ અરજદારશ્રી ધ્વારા સુનાવણી દરમ્યાન રજુ કરેલ લેખિત નિવેદન ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૦૫–૦૬–૨૦૨૩ ના રોજના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર(નમુનો–ગ) યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(નિતીનચંદ્ર પી.સોનજે)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ..... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલ પ્રતિ

સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા
ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧) ૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૭
તા.૮–૧૧–૨૦૨૩

<u>પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૩/૮</u>

**<u>અરજદાર :–</u>**

**શ્રી તલ્હા ચાંદીવાલા**

<u>વિરૂધ્ધ</u>

**<u>સામેવાળા :–</u>** મદદનીશ જા.મા.અ અને સ્ટેનો ગ્રેડ–II, સેક્રેટરી ઓફિસ, સુરત.

**<u>વિષય:</u>** આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૧–૯–૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.૧૪૪૨ અન્વયે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**<u>સંદર્ભ:</u>** અરજદારશ્રીની તા.૧૮–૧૦–૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજી.

**<u>વંચાણમાં લીધું:</u>**

૧. અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧–૯–૨૦૨૩ અરજી આઈ.ડી.નં.૧૪૪૨ (નમુનો–ક)
૨. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) નો તા.૨–૯–૨૦૨૩ ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૪૪૨(નમૂનો–ઘ)
૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૩૦–૯–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૮૪(નમુનો–ખ)
૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીનો તા.૬–૧૦–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૮૯ (નમુનો–ગ)
૫. અરજદારશ્રી ધ્વારા તા.૧૮–૧૦–૨૦૨૩ ના રોજ અપીલ અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૬. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) નો તા.૧૯–૧૦–૨૦૨૩ ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૪૩૨
૭. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૪–૧૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૫

**<u>ફરીયાદની હકીકત :–</u>**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા, રહેઠાણ, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ:૬(૧) હેઠળ તા.૧–૯–૨૦૨૩ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને સુરત મહાનગરપાલિકાના જુદા જુદા કુલ–૫ સબંધિત વિભાગોને અનુલક્ષીને ૧૬ મુદ્દાઓ ધરાવતી માહિતી માંગતી અરજી કરેલ. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૨–૯–૨૦૨૩ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ. /આઉટ–૧૪૪૨ થી જુદા–જુદા વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને એકી સાથે તબદીલ કરેલ હતી.

..૨

જે અરજી અત્રેની સેક્રેટરી ઓફિસ ખાતે તા.૫–૯–૨૦૨૩ ના રોજ મળેલ. સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના મુદ્દાઓ(આંશિક)ની નિયત સમયમર્યાદામાં દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવા અર્થે, મદદનીશ જાહેર માહિતી અધિકારી અને **સ્ટેનો ગ્રેડ**–II એ તેમના તા.૩૦–૯–૨૦૨૩ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૮૪ થી અરજદારશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર(નમૂનો–ખ) પાઠવેલ હતો. જેના અનુસંધાને અરજદારશ્રીએ તા.૪–૧૦–૨૦૨૩ ના રોજ જરૂરી ફી ની ભરપાઈ કરતા, ફી ભર્યા અંગેની રસીદ અત્રેની કચેરીને મળતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૬–૧૦–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૮૯(નમૂનો–ગ) થી માહિતી/દસ્તાવેજો નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાએ આર.ટી.આઈ. એકટની કલમ–૧૯(૧) અંતર્ગત તા.૧૮–૧૦–૨૦૨૩ ના રોજ અપીલ અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના કુલ–૫ જાહેર માહિતી અધિકારીશ્રી વિરુધ્ધ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અપીલ જાહેર માહિતી અધિકારી અને આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ધ્વારા સેક્રેટરી ઓફિસ સહિત કુલ–૫ વિભાગના પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને એકીસાથે મોકલવામાં આવેલ હતી. સેક્રેટરી ઓફિસ ખાતે સદર અપીલ તા.૧૯–૧૦–૨૦૨૩ ના રોજ મળેલ છે. જે અત્રેની કચેરીએ પ્રથમ અપીલ ક્રમાંકઃ૨૦૨૩/૮ થી નોંધાયેલ છે. અરજીમાં જણાવેલ વિગતો લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે તા.૪–૧૧–૨૦૨૩ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ આઉટ/૨૦૨૩/૧૫ થી તા.૮–૧૧–૨૦૨૩ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાને અને સામાવાળા પક્ષે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને **સ્ટેનો ગ્રેડ**–II, સેક્રેટરી ઓફિસને અપીલની સુનવણીમાં રૂબરૂ હાજર રહેવા તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીને અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧–૯–૨૦૨૩ ની અરજી(આઈ.ડી.નં.૧૪૪૨)ના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવેલ. જે અન્વયે સામેવાળા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને **સ્ટેનો ગ્રેડ**–II, સેક્રેટરી ઓફિસએ જરૂરી બિડાણો /પુરાવાઓ સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૮–૧૧–૨૦૨૩ ના રોજની સુનાવણીમાં અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી અને સુનાવણીમાં સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી મિલિન્દ પટેલ તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી અને **સ્ટેનો ગ્રેડ**–II શ્રી પરેશ રાઠોડ નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ વિગતોના પુરાવાઓ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરેલા જે અપીલ અધિકારીશ્રીએ ગ્રાહય રાખ્યા હતા.

મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સ્ટેનો ગ્રેડ–II, સેક્રેટરી ઓફિસએ જણાવ્યું કે, અરજદારશ્રીને માહિતી માંગતી અરજીના સેક્રેટરી ઓફિસને આંશિક રીતે લાગુ પડતા મુદ્દાઓ (૪) અને (૧૧) બાબતે તા.૩૦–૯–૨૦૨૩ ના રોજ જરૂરી ફી ભરવાનો પત્ર (નમૂનો–ખ) પાઠવેલ જેના અનુસંધાને જરૂરી ફી ની ભરપાઈ કરતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૬–૧૦–૨૦૨૩ ના રોજના પત્રથી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી/દસ્તાવેજો નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે અને સેક્રેટરી ઓફિસ ધ્વારા કોઈપણ માહિતી આપવાની બાકી રહેતી નથી એવું જણાવેલ. જે ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૧–૯–૨૦૨૩ ના રોજની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૪૨(નમુનો–ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતા આંશિક મુદ્દા નં.૪ અને ૧૧ બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સ્ટેનો ગ્રેડ–II, સેક્રેટરી ઓફિસ તરફથી તા.૬–૧૦–૨૦૨૩ ના રોજના પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર(નમુનો–ગ) યથાયોગ્ય રાખવામાં આવે છે અને અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતે અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

Sonje.n.p.

**(નિતીનચંદ્ર પી.સોનજે)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

નકલ રવાના :–

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. સેક્રેટરીશ્રી/, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
શ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ.....જાણ સારૂ.

## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧) ૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૩
તા.૨૦–૧–૨૦૨૪

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૩/૧૦**

**અરજદાર :–**
**શ્રી તલ્હા ચાંદીવાલા**

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ તા.૨૦–૯–૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.૧૫૭૬ અન્વયે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૬–૧૨–૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રીની આર.ટી.આઈ. એક્ટ હેઠળની તા.૨૦–૯–૨૦૨૩ અરજી આઈ.ડી.નં.૧૫૭૬ (નમુનો–ક)
૨. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) નો તા.૨૨–૯–૨૦૨૩ ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૫૭૬(નમુનો–ઘ) (કુલ–૨ જગ્યાએ તબદીલ)
૩. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીનો તા.૩–૧૦–૨૦૨૩ નો પત્ર નં.સી./આર.ટી.આઈ./૩૪૪(નમુનો–ઘ) (કુલ–૮૪ જગ્યાએ તબદીલ)
૪. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીનો તા.૧૯–૧૦–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૯૧ (નમુનો–ગ)
૫. અરજદારશ્રી ધ્વારા તા.૫–૧૨–૨૦૨૩ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૬. જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) નો તા.૬–૧૨–૨૦૨૩ ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૪૪૩.(કુલ–૯૩ જગ્યાએ તબદીલ)
૭. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૧૧–૧૨–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૧૯
૮. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીનો તા.૧૩–૧૨–૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૧૦૮
૯. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીનો તા.૨–૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૧

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા,રહેઠાણ, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ:૬(૧) હેઠળ તા.૨૦–૯–૨૦૨૩ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને સુરત મહાનગરપાલિકાના જુદા જુદા કુલ–૨ સબંધિત વિભાગોને અનુલક્ષીને ૧ મુદ્દા ધરાવતી માહિતી માંગતી અરજી કરેલ. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૨૨–૯–૨૦૨૩ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૫૭૬(નમુનો–ઘ) થી કુલ–૨ જુદા–જુદા વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને એકી સાથે તબદીલ કરેલ હતી.(પ્રથમ વખત તબદીલ)

જે અરજી જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી મારફત તેમના તા.૩–૧૦–૨૦૨૩ ના પત્ર નં.સી./આર.ટી.આઇ./૩૪૪(નમુનો–ઘ) થી કુલ–૮૪ જગ્યાએ તબદીલ જુદા–જુદા વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને એકી સાથે તબદીલ કરેલ હતી.(બીજી વખત તબદીલ). જે અરજી સેક્રેટરી ઓફિસ ખાતે અરજદારશ્રી ધ્વારા અરજી કર્યાના ૧૪–દિવસ બાદ એટલે કે તા.૪–૧૦–૨૦૨૩ ના રોજ મળેલ છે. સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી આંશિક બાબતે નિયત સમયમર્યાદામાં દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૧૯–૧૦–૨૦૨૩ ના પત્ર નં.આર.ટી.આઇ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૩/૯૧ થી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં નમૂનો–ગ પાઠવેલ આવેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાએ આર.ટી.આઇ. એકટની કલમ–૧૯(૧) અંતર્ગત તા.૨૦–૯–૨૦૨૩ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના કુલ–૮૩ વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રી ના નિર્ણય વિરુધ્ધ પ્રથમ અપીલ કરવામાં આવેલ. જે અપીલ જાહેર માહિતી અધિકારી અને આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન) ધ્વારા સેક્રેટરી ઓફિસ સહિત કુલ–૯૩ વિભાગના પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને એકીસાથે મોકલવામાં આવેલ હતી. સેક્રેટરી ઓફિસ ખાતે સદર અપીલ તા.૬–૧૨–૨૦૨૩ ના રોજ મળેલ છે. જે અત્રેની કચેરીએ પ્રથમ અપીલ ક્રમાંક:૨૦૨૩/૧૦ થી નોંધાયેલ છે. અરજીમાં જણાવેલ વિગતો લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે તા.૧૧–૧૨–૨૦૨૩ ના રોજ પત્ર નં.આર.ટી.આઇ./સેક્રેટરી/અપીલ/ આઉટ/૨૦૨૩/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રીને અરજદારશ્રીની માહિતી માંગતી અરજીના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવેલ. જે અન્વયે તેઓએ જરૂરી બિડાણો સહિત પક્ષ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ તા.૮–૧–૨૦૨૪ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાને અને સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૨૨૭) ના અનુસંધાને રૂબરૂ હાજર રહેવા પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨–૧–૨૦૨૪ ના પત્ર નં.આર.ટી.આઇ./સેક્રેટરી/અપીલ/આઉટ/ ૨૦૨૪/૧ પાઠવવામાં આવેલ છે. તા.૫–૧–૨૦૨૪ ના રોજ અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાએ સુનવણી અર્થે હાજર રહી શકે તેમ નથી તેવું જણાવી અન્ય અનુકુળ તારીખે અને સમયે સુનવણી રાખવા વિનંતી કરેલ હતી. જે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીને ગ્રાહય રાખેલ. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીની સુચના અનુસાર તા.૧૧–૧–૨૦૨૪ ના રોજ ફરી સુનવણી રાખવા અર્થે અરજદારશ્રીને જણાવેલ. જે અર્થે અરજદારશ્રીએ પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીને રૂબરૂ સંપર્ક કરી જણાવ્યું કે, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રીએ નમુનો–ગ હેઠળ માહિતીની નકલો આપેલ નથી. સેક્રેટરી ઓફિસ ખાતેના રેકર્ડ પર ઉપલબ્ધ ડી.પી. પાવરની નકલ મને આપવામાં આવેલ નહિં હોવાથી તે નકલો પુરી પાડવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષની રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨૦–૯–૨૦૨૩ ની મૂળ અરજી (આઈ.ડી.નં.૧૫૭૬) થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે સેક્રેટરી ઓફિસને આંશિક લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં નમુનો–ગ પાઠવવામાં આવેલ છે.

અરજદારશ્રીને સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ ડી.પી. પાવર્સની માહિતીની નકલ આર.ટી.આઈ. એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવાનું આથી ફરમાવવામાં આવે છે. અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(નિતીનચંદ્ર પી.સોનજે)
પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

<u>નકલ રવાના :–</u>

ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ ..જાણ તથા અમલ માટે.
ન.ર. :– અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ.

## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં.
ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૧૧
તા.૨૨–૦૩–૨૦૨૪

**પ્રથમ અપીલ ક્રમાંકઃ ૨૦૨૪/૧**

**અરજદાર :–**
શ્રી હસમુખ વી. ધોળકિયા

વિરુધ્ધ

**સામેવાળા** :શ્રી મિલિન્દ પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષયઃ** આર.ટી.આઈ. એક્ટ હેઠળની તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજની અરજીની માહિતી આપવા બાબત.
**સંદર્ભઃ** (૧)અરજદારશ્રીની તા.૧૮–૧–૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી.
(૨)અરજદારશ્રીની તા.૧૪–૨–૨૦૨૪ તેમજ તા.૧૯–૩–૨૦૨૪ ના રોજની રજુઆત.

**વંચાણમાં લીધું :**

૧. અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાની આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારી, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને તા.૧૮–૧–૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
૨. અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાની આર.ટી.આઈ. એકટ હેઠળની મેયરશ્રીની કચેરી, પબ્લિક ઈન્ફરમેશન ઓફિસરને ઉદ્દેશીને તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજની માહિતી માંગતી અરજી.
૩. અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૩–૧–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૪ (નમુનો–ઘ)
૪. અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૩–૧–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૫
૫. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૬–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૦
૬. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧૨–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૬
૭. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧૮–૩–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૯

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયા, એ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧), ૬(૩) અન્વયેની નમુનો–ક હેઠળની તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજની મેયરશ્રીની કચેરી, પબ્લિક ઈન્ફરમેશન ઓફિસર, સત્તામંડળ, મુગલીસરાને ઉદ્દેશીને માહિતી માંગતી અરજીના સંદર્ભમાં તા.૧૮–૧–૨૦૨૪ ના રોજ અરજદારશ્રી અત્રેની કચેરીએ રૂબરૂ આવી "સેક્રેટરી ઓફિસ સહિત અન્ય વિભાગો ધ્વારા તેઓની માહિતી માંગતી અરજી(નમુનો–ક) સ્વીકારેલ નથી " એવી રજુઆત કરી, અપીલ અધિકારીશ્રી, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને અત્રેની કચેરીએ પ્રથમ અપીલ અરજી રજુ કરેલ જે અપીલ અરજી અત્રેની કચેરીએ પ્રથમ અપીલ ક્રમાંક : ૨૦૨૪/૧ થી નોંધાયેલ છે. અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ અરજદાશ્રીને જણાવ્યું કે, અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા તેઓની તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજ માહિતી માંગતી અરજી સેક્રેટરી ઓફિસ ખાતે ઉપલબ્ધ નહી હોવાથી પ્રથમ અપીલ અરજીની સાથોસાથ માહિતી માંગતી અરજીની નકલ અત્રે પુરી પાડવા જણાવેલ.

..૨/

જેથી અરજદારશ્રીએ ઈ–મેઈલ ધ્વારા સેક્રેટરી ઓફિસ ખાતે માહિતી માંગતી અરજી તા.૧૮–૧–૨૦૨૪ ના રોજ રજુ કરેલ છે. પ્રથમ અપીલ અરજીની વિગતો ધ્યાને લઈ, પ્રથમ અપીલ સૌ પ્રથમ નમુનો–ઘ હેઠળ સુરત મહાનગરપાલિકાના (૧)પ્રથમ અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિ.શ્રી, ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની કચેરી અને (૨)પ્રથમ અપીલ અધિકારી અને આસી.મ્યુ.કમિશનરશ્રી, સેન્ટ્રલ ઝોનને પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૪ થી એકસાથે આંશિક તબદીલ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૩–૧–૨૦૨૪ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૫ થી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તેમજ તા.૧૫–૧૨–૨૦૨૩ ની માહિતી માંગતી અરજીની નકલ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રીને મોકલી તેના અનુસંધાનેની કાર્યવાહીની વિગતો સમય મર્યાદામાં પુરી પાડવા જણાવેલ. જે અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનાએ તા.૬–૨–૨૦૨૪ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૧૦ થી પક્ષ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસને લાગત બાબત અર્થે પ્રથમ અપીલની સુનવણી તા.૧૪–૨–૨૦૨૪ ના રોજ, સવારે ૧૧–૩૦ કલાકે મુકરર કરેલ પરંતુ અરજદારશ્રીએ અત્રેની કચેરીએ આવી જણાવ્યું કે, તેઓએ બીજી કચેરીએ આર.ટી.આઈ. ના કામે સમય આપેલ છે જેથી પ્રથમ અપીલની સુનવણી સમયે હાજર રહી શકાશે નહી અને બીજી અનુકુળ તારીખ ફાળવવા વિનંતી કરેલ. જે પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ માન્ય રાખેલ અને અરજદારશ્રીને જણાવ્યું કે, હાલમાં આવાનરી લોકસભાની ચુંટણીની આચરસંહિતા તેમજ જી.પી.એમ.સી. એકટ મુજબ સેક્રેટરી ઓફિસ ખાતે નિયત થયેલ સામાન્ય સભા તેમજ અન્ય સભાઓની મીટીંગો, આર.ટી.આઈ. વિભાગ ખાતે આવેલ અન્ય અપીલોની નિયત સમયમાં નિકાલ કરવાની કામગીરીને હાલમાં પ્રાયોરીટી આપવાનું હોવાથી તે પુર્ણ થયા બાદ બીજી અપીલની સુનવણી રાખીશું. અરજદારશ્રીએ તેઓને બીજી સુનવણીની તારીખ નકકી કરવા માટે તેઓને અગાઉથી ટેલીફોન કરી તેઓ સાથે સંકલન કરવા વિનંતી કરેલ. જેથી સદર અપીલની સુનવણી(બીજી વખત) કરવા માટે અરજદારશ્રી સાથે થયેલ ટેલીફોનીક ચર્ચા મુજબ તેઓશ્રીની અનુકુળતા ધ્યાને લઈ તા.૧૯–૦૩–૨૦૨૪ ના રોજ, મંગળવારે ૧૧–૩૦ કલાકે મુકરર કરેલ. જેમાં અરજદારશ્રી તેમજ સામાવાળા તરફે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ નિયત સમયે હાજર રહેલ. સુનવણી દરમ્યાન અરજદારશ્રીએ જણાવ્યું કે, સુનવણીના પત્રમાં મારી માહિતી માંગતી અરજી તા.૧૫–૧–૨૦૨૪ અને આઈ.ડી.નં.૨૫૭૦ જણાવેલ છે, જે સેક્રેટરી ઓફિસ ખાતે બીજી વખત રજુ કરેલ માહિતી માંગતી અરજીની તારીખ અને અરજી આઈ.ડી. નંબર છે, હકીકતમાં હું એ પ્રથમ વખત તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજ માહિતી માંગતી અરજી કરેલ અને ત્યારબાદ બીજી માહિતી માંગતી અરજી તા.૧૫–૧–૨૦૨૪ ના રોજ રજુ કરેલ છે. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, આપશ્રીની પ્રથમ અપીલ અરજી તેમજ આપશ્રીના જણાવ્યાનુસાર અગાઉ નહીં સ્વીકારેલ માહિતી માંગતી અરજી, સેક્રેટરી ઓફિસ ખાતેના અપીલ વિભાગ ધ્વારા સ્વીકારી બંન્ને એકસાથે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીને મોકલેલ અને સ્પષ્તતા રીપોર્ટ માંગેલ. જે હેઠળ શ્રી મિલિન્દ પટેલે અત્રે માહિતી માંગતી અરજી તારીખ અને તેનો જે આઈ.ડી.નંબર જે સ્પષ્ટતા રિપોર્ટમાં જણાવેલ તે વિગતો અનુસાર સુનવણીનો પત્ર તૈયાર કરવામાં આવેલ છે. જે દલીલ અરજદારશ્રીએ ગ્રાહય રાખેલ છે.

સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા દર્શાવેલ માહિતી માંગતી અરજીની તારીખ અને અરજીનો આઈ.ડી. નંબર ની હકીકત ધ્યાને લઈ ગ્રાહય રાખવામાં આવેલ. અરજદારશ્રીએ સુનવણી દરમ્યાન જણાવ્યું કે, તેઓએ તા.૧૮–૧–૨૦૨૪ ના રોજ પ્રથમ અપીલ રજુ કરતી વખતે તેની સાથે તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજની માહિતી માંગતી અરજી પણ રજુ કરેલ તેનો શા માટે આજદિન સુધી જવાબ/માહિતી મળેલ નથી. શ્રી મિલિન્દ પટેલએ જણાવ્યું કે, જે અંગેની કાર્યવાહી હાલમાં ચાલુ છે. અંતે, અરજદાશ્રીએ જણાવ્યું કે, સેક્રેટરી વિભાગ ખાતે તેઓની માહિતી માંગતી અરજી સ્વીકારેલ નહી તે બાબતે હવે કોઈ વિવાદ નથી. પરંતુ તેની માહિતી હજુ સુધી મને મળેલ નથી તેનો વિરોધ છે. જેની મુદત વિતી ગયેલ છે તે તમામ હકીકતો ધ્યાને લઈ તેઓની અરજીની સંપુર્ણ માહિતી આપવા તેમજ જો કોઈ મુદ્દાઓની માહિતી અન્ય ઝોન/વિભાગને સ્પર્શતી હોય તેવા સંજોગોમાં જે તે ખાતા/વિભાગને તબદીલ કરી જરૂરી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી, સુનવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆત તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

**"સેક્રેટરી વિભાગ ખાતે અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયા ધ્વારા તા.૧૮–૧–૨૦૨૪ ના રોજ પ્રથમ અપીલ અરજીની સાથે રજુ કરેલ તેઓની તા.૧૫–૧૨–૨૦૨૩ ના રોજની માહિતી માંગતી મૂળ અરજી (નમુનો–ક) ની માહિતી શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. સેક્રેટરીશ્રી ધ્વારા પાઠવવાની બાકી હોય, સદર માહિતી માંગતી અરજી (નમુનો–ક) ની સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી, કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ, આર.ટી.આઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારશ્રીને તાકીદે પુરી પાડવાનું તેમજ જે માહિતી સુરત મહાનગરપાલિકાના અન્ય ખાતા/વિભાગને લાગુ પડતી હોય તે માટે માહિતી માંગતી અરજી લાગત કાર્યક્ષેત્ર ધરાવતા ખાતા/ઝોનને તબદીલ કરવાની ઘટીત કાર્યવાહી કરવા શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને આથી જણાવવામાં આવે છે."**

**આમ, સમગ્રયતા ધ્યાને લેતા, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહી હોવાથી અને સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતા મુદ્દાઓને લાગત અપીલ અરજી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા પુરતી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(નિતીનચંદ્ર પી.સોનજે)**
**પ્રથમ અપીલ અધિકારી અને ડેપ્યુટી સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

ન.ર. :– શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ તાકીદે અમલ સારું..
ન.ર. :– અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયા પ્રતિ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૨૩૭૫૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૧૨
તા.૨૨–૦૩–૨૦૨૪

**પ્રથમ અપીલ ક્રમાંક:૨૦૨૪/૨**

**અરજદાર :–**

શ્રી હસમુખ વી. ધોળકિયા

**વિરુધ્ધ**

**સામેવાળા** :શ્રી મિલિન્દ પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ.એકટ હેઠળ તા.૧૫–૧–૨૦૨૪ ની અરજી(આઈ.ડી.૨૫૭૦)ની માહિતી બાબત.

**સંદર્ભ:** (૧)અરજદારશ્રીની તા.૧૫ –૨–૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી.
(૨)અરજદારશ્રીની તા.૧૯–૩–૨૦૨૪ ના રોજની રજુઆત.

**વંચાણમાં લીધું :**

૧. અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાની આર.ટી.આઈ. એકટ હેઠળ જાહેર માહિતી અધિકારી મે.મેયરશ્રીની કચેરીને ઉદ્દેશીને તા.૧૫–૧–૨૦૨૪ રોજની માહિતી માંગતી અરજી(નમુનો–ક).

૨. એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૧૬–૧–૨૦૨૪ નો પત્ર નં.સી.સી.સી.સી.ઝોન/આર.ટી.આઈ./આઉટ–૨૫૭૦

૩. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૩–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૮(નમુનો–ઘ)

૪. અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાની આર.ટી.આઈ. એકટ હેઠળની પ્રથમ અપીલ અધિકારી સત્તામંડળ,મા.મેયરશ્રીની કચેરીને ઉદ્દેશીને તા.૧૫–૨–૨૦૨૪ ના રોજની પ્રથમ અપીલ અરજી.

૫. એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)નો તા.૨૦–૨–૨૦૨૪ નો પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૬૬૩

૬. અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૭

૭. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૬–૨–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૨૭

૮. અપીલ અધિકારી અને ડે.મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧૮–૩–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયા, માહિતી અધિકાર

અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬ અન્વયેની નમુનો–ક હેઠળની તા.૧૫–૧–૨૦૨૪ ના રોજની જાહેર માહિતી અધિકારી, મા.મેયરશ્રીની કચેરીને ઉદ્દેશીને માહિતી માંગતી અરજી સાથે સામેલ કરેલ તેઓની તા.૧૬–૧–૨૦૧૯ ના રોજની અરજી/ફરીયાદ અંગે થયેલ કાર્યવાહી સંદર્ભે મુદ્દા નં.(૧) થી (૬) ની માહિતી મેળવવા અરજી કરેલ છે. જે અરજી આઈ.ડી.નં.૨૫૭૦ થી નોંધાયેલ છે.

સદર અરજી એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૧૬–૧–૨૦૨૪ ના રોજ પત્ર નં.સી.સી.સી.સી.ઝોન/આર.ટી.આઈ./આઉટ–૨૫૭૦(નમુનો–ઘ)થી સેક્રેટરી ઓફિસ સહિત સુરત મહાનગરપાલિકાના કુલ–૫ વિભાગને એકીસાથે તબદીલ કરવામાં આવેલ જે પૈકી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧૯–૧–૨૦૨૪ ના રોજ મળેલ છે. જે અન્વયે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. સેક્રેટરી ધ્વારા અરજીમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, તા.૩–૨–૨૦૨૪ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૨૪/૮(નમુનો–ઘ) થી મુદ્દા નં.(૧) ને સંલગ્ન વિભાગના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી, વોચ એન્ડ વોર્ડ વિભાગને સંપુર્ણ તબદીલ કરેલ છે.

સબબ, તા.૧૫–૨–૨૦૨૪ ના રોજ અરજદારશ્રીએ પ્રથમ અપીલ અધિકારી સત્તામંડળ, મા.મેયરશ્રીની કચેરીને ઉદ્દેશીને, "જાહેર મહિતી અધિકારી તરફથી મને માહિતી મળેલ નથી તેથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી પ્રથમ અપીલ દાખલ કરું છું " તેવું નિવેદન દર્શાવી નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ખાતે પ્રથમ અપીલ અરજી કરેલ છે.

સદર અપીલ અરજી, એકઝી. આસીસ્ટન્ટ અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)ના તા.૨૦–૨–૨૦૨૪ ના રોજના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૬૬૩ થી અત્રેની ઓફિસને તા.૨૧–૨–૨૦૨૪ ના રોજ મળેલ છે. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ તા.૨૨–૨–૨૦૨૪ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૭ થી અરજદારશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી જરૂરી બિડાણો સહિત જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રીને મોકલી તેના અનુસંધાનેની કાર્યવાહીની વિગતો પુરી પાડવા જણાવેલ. જે અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનાએ તા.૨૬–૨–૨૦૨૪ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૪/૨૭ થી પક્ષ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસને લાગત બાબત અર્થે પ્રથમ અપીલની સુનવણી તા.૧૯–૩–૨૦૨૪ ના રોજ, બપોરે ૧૨–૦૦ કલાકે મુકરર કરેલ જેમાં અરજદારશ્રી તેમજ સામાવાળા તરફે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ નિયત સમયે હાજર રહેલ. સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સેક્રેટરી ઓફિસ સહિત કુલ–૫ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ થયેલ છે જે ધ્યાને લઈ તા.૩–૨–૨૦૨૪ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૨૪/૮(નમુનો–ઘ) થી મુદ્દા નં.(૧) ની માહિતીને સંલગ્ન વિભાગના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી, વોચ એન્ડ વોર્ડ વિભાગને સંપુર્ણ તબદીલ કરેલ છે. અરજદારશ્રીએ જણાવ્યું કે, અરજીના મુદ્દાં નં.(૧) તેમજ (૨) મારી જાણ મુજબ સેક્રેટરી વિભાગને આંશિક સ્પર્શે છે તેની માહિતી આજદિન સુધી જવાબ/માહિતી મળેલ નથી. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરીશ્રીએ અરજીના મુંદ્દા નં.(૧) તેમજ (૨) ધ્યાને લઈ અરજદારશ્રીની દલીલ ગ્રાહય રાખેલ છે જે અન્વયે અરજદારરીએ તેની આંશિક માહિતી આપવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી, સુનવણી દરમ્યાન કરવામાં આવેલ રજૂઆત તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

" અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયાની તા.૧૫-૧-૨૦૨૪ ના રોજની માહિતી માંગતી અરજી (આઈ.ડી.૨૫૭૦) ના મુદ્દા નં.(૧) થી (૬) હેઠળ માંગવામાં આવેલ માહિતી પૈકી શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. સેક્રેટરીશ્રી ધ્વારા અરજીનો મુદ્દા નં.(૧) સંપૂર્ણ તબદીલ કરેલ પરંતુ મુદ્દા નં.(૧) તેમજ (૨) આંશિક રીતે સેક્રેટરી ઓફિસને લાગુ પડતો હોય તેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી(આંશિક) પાઠવવાની બાકી હોય, સદર માહિતી માંગતી અરજી (નમુનો-ક) ની સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી, કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ, આર.ટી.આઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને આથી જણાવવામાં આવે છે."

આમ, સમગ્રયતા ધ્યાને લેતા, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહીં હોવાથી અને સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતા મુદ્દાઓને લાગત અપીલ અરજી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા પુરતી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(નિતીનચંદ્ર પી.સોનજે)
પ્રથમ અપીલ અધિકારી અને ડેપ્યુટી સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

---

<u>નકલ રવાના :-</u>

ન.ર. :- શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ તાકીદે અમલ સારું..
ન.ર. :- અરજદારશ્રી હસમુખ વી. ધોળકિયા પ્રતિ.

## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં.
ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૨૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/13
તા.30-03-૨૦૨૪

<u>પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૪/૩</u>

<u>અરજદાર:</u>

**(૧) શ્રી ચિરાગ ગગલાણી (૨) શ્રી રજનીકાંત પંચાણી**

<u>**વિરુધ્ધ**</u>

**<u>સામેવાળા</u>:** શ્રી મિલિન્દ પટેલ, જા.મા.અ. અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**<u>વિષય:</u>** આર.ટી.આઈ. એકટ હેઠળ તા.૨૩–૧૦–૨૦૨૩ ની અરજી આઈ.ડી.નં.૧૮૪૬ અન્વયે કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

<u>વંચાણમાં લીધું</u> :

૧. અરજદારશ્રી (૧) શ્રી ચિરાગ ગગલાણી અને (૨) શ્રી રજનીકાંત પંચાણી ધ્વારા તા.૨૩–૨–૨૦૨૪ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ કરવામાં આવેલ <u>પ્રથમ અપીલ અરજી.</u>
૨. એકઝી.આસી. અને મેનેજરશ્રી અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૯–૨–૨૦૨૪ નો પત્ર નં.સીસીસી./સી.ઝોન/આઉટ/૬૯૫
૩. પ્રથમ અપીલ અધિકારી અને સ્પે.ઓફિસર,ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગનો તા.૪–૩–૨૦૨૪ નો પત્ર નં.ઈલે.એન્ડ સેન્સસ/આર.ટી.આઈ./આઉટ વર્ડ/૨૩ (નમુનો–ઘ)
૪. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૦–૩–૨૦૨૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૪/૧૦
૫. અરજદારશ્રી (૧) શ્રી ચિરાગ ગગલાણી અને (૨) શ્રી રજનીકાંત પંચાણી ધ્વારા સંયુકત રીતે તા.૨૩–૧૦–૨૦૨૩ ના રોજ આર.ટી.આઈ. એકટ હેઠળ કરવામાં આવેલ <u>માહિતી માંગતી અરજી.</u>
૬. એકઝી.આસી. અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્રનો તા.૨૬–૧૦–૨૦૨૩ નો પત્ર નં.સીસીસી. સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૮૪૬
૭. જા.મા.અ. અને સેકશન ઓફિસર,ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગનો તા.૧–૧૧–૨૦૨૩ નો પત્ર નં.ઈલે.એન્ડ સેન્સસ/આર.ટી.આઈ./આઉટ વર્ડ/૧૨ (નમુનો–ઘ)
૮. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૪–૧૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૯૬ (નમુનો–ઘ)
૯. જા.મા.અ. અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીનો તા.૯–૧૧–૨૦૨૩ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૧૦૩ (નમુનો–ગ)
૧૦. ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ નો તા.૨૧–૧૨–૨૦૨૩ નો પત્ર નં.એફ.ઈ.એસ/આઉટવર્ડ/૨૫૭૪
૧૧. અરજદારશ્રી (૧) શ્રી ચિરાગ ગગલાણી અને (૨) શ્રી રજનીકાંત પંચાણી ધ્વારા તા.૨૨–૩–૨૦૨૪ ના રોજ સુનવણી સમયે કરવામાં આવેલ લેખિત રજુઆત.

<u>ફરીયાદની હકીકત :–</u>

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રી (૧) શ્રી ચિરાગ ગગલાણી અને (૨) શ્રી રજનીકાંત પંચાણી, તરફથી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે નમુનો–ક હેઠળ તા.૨૩–૧૦–૨૦૨૩ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુ.કમિશ્નર સાહેબશ્રી, મુગલીસરાને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરા ખાતે કુલ–૫ મુદ્દાઓ ધરાવતી માહિતી માંગતી અરજી રજુ કરેલ છે. જે આઈ.ડી.નં.૧૮૪૬ થી નોંધાયેલ છે.

..૨

સદર અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૨૬–૧૦–૨૦૨૩ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ–૧૮૪૬ હેઠળ સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ઈલેકશન એન્ડ સેન્સસ ખાતાને તબદીલ કરેલ. જે અરજી તેઓએ તેમના તા.૧–૧૧–૨૦૨૩ ના પત્ર નં.ઈલે.એન્ડ સેન્સસ/આર.ટી.આઈ./આઉટ વર્ડ/૧૨(નમુનો–ઘ) થી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને સંપુર્ણ તબદીલ કરેલ. જે સેક્રેટરી ઓફિસ ખાતે તા.૧–૧૧–૨૦૨૩ ના રોજ મળેલ છે.

શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રીએ તા.૪–૧૧–૨૦૨૩ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૯૬ (નમુનો–ઘ) થી સદર અરજી(૧) ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ તેમજ (૨)આઈ.એસ.ડી. વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને એકીસાથે આંશિક તબદીલ કરેલ અને તા.૮–૧૧–૨૦૨૩ તેમજ તા.૯–૧૧–૨૦૨૩ ના રોજ અરજદારશ્રી સાથે ટેલીફોનીક અને વોટસઅપ માધ્યમ ધ્વારા વાતચીત કરેલ. તા.૯–૧૧–૨૦૨૩ ના રોજ બપોરના ૧–૩૦ કલાકે અરજદારશ્રીએ અરજી દફતરે કરવા અંગેની જાણ કરેલ જેના અનુસંધાને તા.૯–૧૧–૨૦૨૩ રોજના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૩/૧૦૩ થી માહિતી માંગતી અરજી (આ.ડી.નં.૧૮૪૬) "નમુના–ગ" હેઠળ દફતરે કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી ધ્વારા તા.૪–૧૧–૨૦૨૩ ના રોજ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગના જાહેર માહિતી અધિકારીને આંશિક તબદીલ કરેલ માહિતી માંગતી અરજી હેઠળ સદર વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીએ પાઠવેલ જવાબના અનુસંધાને ફાયર વિભાગમાં અપીલની સુનવણી અન્વયે અરજદારશ્રીની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૩ અને ૪ માટે, કે જે કોર્પોરેટરોને અપાયેલ લેપટોપને લગતી માહિતીની વિગત હોય તેની માહિતી અર્થે સેક્રેટરી ઓફિસના જાહેર માહિતી અધિકારીશ્રીને તા.૨૧–૧૨–૨૦૨૩ ના રોજ આઉટ નં.૨૫૭૪ થી પરત મોકલવામાં આવેલ છે. સેક્રેટરી ઓફિસના જાહેર માહિતી અધિકારીશ્રીએ સદર પત્ર સ્વીકાર્યા બાદ કોઈ કાર્યવાહી કરેલ નહી અને સમય મર્યાદામાં જવાબ ન આપવાને કારણે, અપીલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ, તેવું જણાવી અરજદારશ્રીએ સમયમર્યાદામાં આર.ટી.આઈ.નો જવાબ ન આપવાના નિર્ણયથી નારાજ થઈ તા.૨૩–૨–૨૦૨૪ ના પત્રથી અપીલ સત્તાધિકારી, એપે.ઓથોરીટી અને ડેપ્યુટી સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે. જેમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, જા.મા.અ. અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)ના તા.૨૮–૨–૨૦૨૪ રોજના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૬૯૫ ધ્વારા અત્રેની કચેરી સહિતના કુલ–૨ અપીલ અધિકારીશ્રીને અપીલ અરજી મોકલવામાં આવેલ હતી. જે પૈકી અત્રેની કચેરીએ તા.૨૯–૨–૨૦૨૪ ના રોજ મળેલ છે. સદર અપીલ અરજી પ્રથમ અપીલ અધિકારી અને સ્પે.ઓફિસર, ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગ ધ્વારા નમુનો–ઘ હેઠળ અત્રેની કચેરીએ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ જે તા.૪–૩–૨૦૨૪ ના રોજ સેક્રેટરી વિભાગ ખાતે મળેલ છે. અરજદારશ્રી ધ્વારા રજુ કરાયેલ ઠરાવેલ સમયમર્યાદા પછી અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબના કારણો તેમજ આર.ટી.આઈ. એકટના હેતુ ધ્યાને લેતા દરગુજર કરી સેક્રેટરી ઓફિસ ખાતે પ્રથમ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવેલ અને ક્રમાંકઃ૨૦૨૪/૩ થી નોંધવામાં આવેલ છે.

અપીલ અરજીમાં જણાવેલ વિગતો લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દાઓ બાબતે તા.૨૦–૩–૨૦૨૪ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૩/૨૦ થી તા.૨૨–૩–૨૦૨૪ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે અરજદારશ્રી (૧) શ્રી ચિરાગ ગગલાણી અને (૨) શ્રી રજનીકાંત પંચાણીને અને સામાવાળા પક્ષે શ્રી મિલિન્દ પટેલ, ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને અપીલની સુનવણીમાં રૂબરૂ હાજર રહેવા તેમજ શ્રી મિલિન્દ પટેલ, ઈ.ચા.આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને અરજદારશ્રીની માહિતી માંગતી તા.૨૩–૧૦–૨૦૨૩ ની અરજી(આઈ.ડી.નં.૧૮૪૬) ને અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવેલ.

તા.૨૨–૩–૨૦૨૪ ના રોજની સુનવણીમાં અરજદારશ્રી (૧)શ્રી ચિરાગ ગગલાણી અને (૨)શ્રી રજનીકાંત પંચાણી તેમજ સામાવાળા તરફે શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ નિયત સમયે હાજર રહેલ. સુનવણી દરમ્યાન અરજદારશ્રીએ જણાવ્યું કે, ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ધ્વારા તા.૨૧–૧૨–૨૦૨૩ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે આઉટ નં.૨૫૭૪ થી અરજીના મુદ્દા નં.૩ અને ૪ માટે માહિતી માંગતી અરજી પરત મોકલવામાં આવેલ જે અન્વયે કોર્પોરેટરોને અપાયેલા લેપટોપને લગતી માહિતી સેક્રેટરી વિભાગ મારફત આજદિન સુધી મળેલ નથી તદઉપરાંત સેક્રેટરી ઓફિસના જાહેર માહિતી અધિકારીશ્રીને વોટસઅપ માધ્યમ ધ્વારા પણ પત્ર મોકલેલ છે તેમછતાં સદર મુદ્દાઓની માહિતી મને આપવામાં આવેલ નથી.

અરજદારશ્રીએ વધુમાં જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસના જાહેર માહિતી અધિકારી ધ્વારા નમુનો–ગ હેઠળ મારી માહિતી માંગતી અરજી દફતરે કરવામાં આવેલ છે જે હવે સ્વીકાર્ય નથી કારણકે, સેક્રેટરી ઓફિસના જાહેર માહિતી અધિકારી સાથે થયેલ વાતચીત હેઠળ જણાવેલ વિગતો તેમજ અન્ય ખાતા તરફથી મળેલ માહિતી ને ધ્યાન લેતા મને સેક્રેટરી ઓફિસના દફતરી રેકર્ડ પરથી મુદ્દા નં.૧ થી ૪ ને લાગત આંશિક માહિતી મળી શકશે તેવું જણાય આવે છે. જે ધ્યાને લઈ સુનવણી અંતે અરજદારશ્રીએ નીચે મુજબની લેખિત રજુઆત કરેલ છે.

(૧) આજ રોજ પ્રથમ અપીલની સુનવણી અંગે રજુઆત કરવાની કે અમો અરજદારે મુદ્દા નં– ૧ થી ૫ થી માહીતી માંગેલ જેમાં મુદ્દા નં–૧ માં SMC દ્વારા આપવામાં આવેલ મોબાઈલ, લેપટોપ, ટેબલેટ અંગે નકકી કે બહાર પાડેલ પરિપત્ર, નિયમો, શરતોની વિગત આપવા અંગેનો હુકમ કરશોજી.

(૨) મુદ્દા નં– ૨ માં માહીતી માંગેલ તે અંગે લેપટોપ, મોબાઈલ, ટેબલેટ ની કરેલ માંગણી અને તે અંગે ખરીદી માટે લખેલ પત્ર ની નકલ આપવાનો હુકમ કરશોજી. તેમજ વર્ષ –૨૦૦૦ થી અમો એ માહીતી માંગેલ છે ત્યારથી માહીતી આપશો અથવા સેક્રેટરી વિભાગ પાસે નાં હોય તો જે તે વિભાગમાં તબદીલ કરી આપશો.

(૩) મુદ્દા નં– ૩ અને મુદ્દા નં– ૪ માં જે માહીતી વર્ષ–૨૦૦૦ થી માંગેલ છે તે માહીતી સેક્રેટરી વિભાગ પાસે ન હોય તો જે તે વિભાગમાં તબદીલ કરવા હુકમ કરશોજી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી, સુનવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆત તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદાર (૧)શ્રી ચિરાગ ગગલાણી અને (૨)શ્રી રજનીકાંત પંચાણીની તા.૨૩-૧૦-૨૦૨૩ ની નમુનો-ક હેઠળની અરજી (આઈ.ડી.નં.૧૮૪૬) (આંશિક) બાબતે ઈ.ચા. ચીફ ફાયર ઓફિસર, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના તા.૨૧-૧૨-૨૦૨૩ ના પત્ર તેમજ અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતા શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરી ધ્વારા તા.૯-૧૧-૨૦૨૩ ના રોજ નમુનો-ગ હેઠળ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ગ્રાહય રાખવામાં આવતો નથી અને સુનવણી દરમ્યાન અરજદારશ્રીની લેખિત રજુઆત હેઠળ માહિતી માંગતી મુળ અરજી(આઈ.ડી.૧૮૪૬) માં જણાવેલ સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દાઓ(આંશિક)ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી આર.ટી.આઈ એક્ટની કલમ-૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા તેમજ અરજીના જે મુદ્દા(આંશિક) સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય અને તે વિભાગને અગાઉ તબદીલ થયેલ નહી હોય તો આગળની જરૂરી કાર્યવાહી કરવા માટે તે લાગત કાર્યક્ષેત્ર ધરાવતા વિભાગને અરજી(આંશિક)તબદીલ કરવાની ઘટીત કાર્યવાહી કરવા શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને જણાવવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(નિતીનચંદ્ર પી.સોનજે)
પ્રથમ અપીલ અધિકારી અને ડેપ્યુટી સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :-**

ન.ર. :- શ્રી મિલિન્દ પટેલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ તાકીદે અમલ સારું..
ન.ર. :- અરજદારશ્રી (૧)શ્રી ચિરાગ ગગલાણી અને (૨)શ્રી રજનીકાંત પંચાણી પ્રતિ.